# સરદારપુરા હત્યાકાંડમાં ૩૧માંથી ૧૪ નિર્દોષ

## સાક્ષીઓના વિરોધાભાસી નિવેદન અને પુરાવાના અભાવે ગુજરાત હાઈકોર્ટે ૧૪ને નિર્દોષ છોડ્યા : હત્યાકાંડમાં ૩૩ લોકોને જીવતા સળગાવી દેવાયા

અમદાવાદ, તા.૨૦

ગોધરાકાંડ બાદ ભડકી ઉઠેલી સાંપ્રદાયિક હિંસા દરમિયાન મહેસાણા નજીક સરદારપુરામાં મોટો હત્યાકાંડ સર્જાયો હતો. આ હત્યાકાંડ મામલામાં ગુજરાત હાઈકોર્ટે આજે ૨૦૧૧ના ખાસ અદાલત દ્વારા અપરાધી જાહેર કરવામાં આવેલા ૩૧ પૈકીના ૧૪ લોકોને નિર્દોષ છોડી મુકવાનો ચુકાદો આપ્યો હતો. જ્યારે બાકીના ૧૭ને અપરાધી રીતે યથાવત રાખવામાં આવ્યા હતા. પુરાવાના અભાવે તથા સાક્ષીઓના વિરોધાભાસી નિવેદનોના પરિણામ સ્વરૂપે હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલત દ્વારા અપરાધી ઠેરવવામાં આવેલા ૩૧ પૈકીના ૧૪ને આજે નિર્દોષ છોડી મુક્યા હતા. વર્ષ ૨૦૦૨માં ગોધરાકાંડ બાદ સરદારપુરા હત્યાકાંડ સર્જાયો હતો. જેમાં ૩૩ લોકોને જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા. નીચલી અદાલત દ્વારા કઠોર સજા ફટકારવામાં આવી હતી. જસ્ટીસ હર્ષા દેવાણી અને બીરેન રેશમાની બનેલી ડિવિઝન બેંચે ૧૭ને ફટકારવામાં આવેલી આજીવન કારાવાસની સજાને યોગ્ય ઠેરવી હતી. જોકે નીચલી અદાલત દ્વારા અપરાધી ઠેરવવામાં આવેલા ૩૧ પૈકીના ૧૪ને હાઈકોર્ટે નિર્દોષ છોડી મુક્યા છે. એકંદરે પોલીસ દ્વારા આ કેસમાં ૭૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. જે પૈકી બેના ટ્રાયલ દરમિયાન મોત થયા હતા. એક અપરાધી કિશોર તરીકે હતો. કોર્ટે જૂન ૨૦૦૯માં ૭૩ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી અને કેસમાં ટ્રાયલ શરૂ કરી હતી. ૩૧ને અપરાધી ઠેરવવા ઉપરાંત નીચલી અદાલતે ૨૦૧૧માં ૪૨ને નિર્દોષ છોડી મુક્યા હતા. મોડેથી સીટ દ્વારા ૪૨ પૈકીના ૩૧ લોકોને નિર્દોષ છોડી મુકવાના ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર ફેંક્યો હતો.

જોકે હાઈકોર્ટે આજે મહેસાણા જિલ્લા કોર્ટમાં આદેશને પણ યોગ્ય ઠેરવ્યો હતો. જેમાં ૪૨ પૈકીના ૩૧ને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. દરમિયાન, હાઈકોર્ટ દ્વારા ૧૭ અપરાધીઓને હત્યા, હત્યાના પ્રયાસ, રમખાણ અને આઈપીસીની અન્ય કલમો હેઠળ દોષિત રાખવામાં આવ્યા છે. હાઈકોર્ટે તિરસ્કારની થિયરી ન સ્વીકારવાના નીચલી કોર્ટના નિર્ણયને પણ સ્વીકારી લીધો છે. ૩૧ લોકોને અગાઉ આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી અને દરેક ઉપર ૫૦-૫૦ હજાર રૂપિયાનો દંડ કરવામાં આવ્યો હતો. સ્પેશિયલ સીટ કોર્ટના જજ એસ.સી. શ્રીવાસ્તવ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. નવમી નવેમ્બર ૨૦૧૧ના દિવસે આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ ચકચારી કેસમાં મોટી સંખ્યામાં લોકો માર્યા ગયા હતા. ૨૮મી ફેબ્રુઆરી ૨૦૦૨ની રાત્રે મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકામાં સરદારપુરા ખાતે આ હત્યાકાંડ સર્જાયો હતો. ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા નજીક સાબરમતી એક્સપ્રેસ અગ્નિકાંડ બનાવનો બદલો લેવાના હેતુસર આ હત્યાકાંડ સર્જાયો હતો.

### સરદારપુરા હત્યાકાંડથી દેશ હચમચી ઉઠ્યું હતું...

ગોધરા નજીક સાબરમતી એક્સપ્રેસ ટ્રેનને આગ ચાંપીને ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ૫૯ લોકોને જીવતાં સળગાવી દેવાના બનાવ બાદ ૧-૨જી માર્ચ ૨૦૦૨ના દિવસે તેનો બદલો લેવાના ઈરાદાથી તોફાની ટોળાએ મહેસાણા જિલ્લાના સરદારપુરા ગામમાં ભારે આતંક મચાવ્યો હતો અને આ ટોળાંએ ૩૩ મુસ્લિમોને એક રૂમમાં પૂરી દીધાં બાદ તેને આગ ચાંપી દઈને આ હત્યાકાંડ સર્જ્યો હતો. જુદા જુદા મીડિયામાં આ અંગેના અહેવાલ પ્રકાશિત થયા બાદ સમગ્ર દેશ હચમચી ઉઠ્યું હતું. ગુજરાતમાં સાંપ્રદાયિક હિસ્સા દરમિયાન જે હત્યાકાંડના નવ મોટા બનાવ બન્યા હતા તેમાં સરદારપુરા હત્યાકાંડનો મામલો પણ હતો.તોફાની ટોળાએ ૨૮મી ફેબ્રુઆરી અને ૧લી માર્ચની રાત્રે સરદારપુરામાં શેખવાસ તરીકે ઓળખાતા વિસ્તારને ચારેબાજુથી ઘેરી લીધો હતો અને ત્યારબાદ આગ ચાંપી દેવામાં આવી હતી. લઘુમતી સમુદાયના લોકો એક વ્યક્તિના આવાસમાં રોકાયા હતા. ટોળાએ આ આવાસને પેટ્રોલ છાંટીને આગ ચાંપી દીધી હતી. ૨૨ મહિલાઓ સહિત ૩૩ના મોત આમાં થયા હતા.

# પેથાપુર ચોકડી પર મહારાણા પ્રતાપની પ્રતિમા મુકો : રાજપૂત યુવા પરિષદ

## ૨૦૦ યુવાનોએ ભેગા મળી ધરણા અને દેખાવો કર્યા, કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૨૦

રાજપૂત યુવા વિકાસ પરિષદ દ્વારા પેથાપુર ચાર રસ્તા પાસે મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવા પ્રબળ માંગ કરવામાં આવી છે. છેલ્લા બે દાયકાથી સમાજની માંગણીનો સ્વીકાર ન થતા આગ બબુલા બનેલા રાજપૂત યુવાનોએ આજે પેથાપુર ચોકડી પાસે ધરણા સાસે દેખાવો કર્યો હતો. રાજપૂત યુવાનોની માંગણીનો સ્વીકાર નહીં કરવામાં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત શરૂ કરાશે તેમ પણ જણાવ્યું હતું.

રાજપૂત યુવા વિકાસ પરિષદના પ્રમુખ જયદિપસિંહ વાઘેલાના જણાવ્યા મુજબ ભારત વર્ષના વીર સપૂત, શૌર્ય અને સ્વભિમાન પ્રતિક સમાન વીર શિરોમણી મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવાની માંગણી ગાંધીનગર શહેર-જિલ્લા રાજપૂત સમાજ દ્વારા બે દાયકાથી કરવામાં આવે છે. પરંતુ જિલ્લાના વહિવટીતંત્ર દ્વારા કોઈપણ જાતનો ઉકેલ લાવવામાં આવ્યો નથી. જેના પરિણામે ગાંધીનગર શહેર-જિલ્લામાં વસતા રાજપૂત સમાજમાં ઉગ્ર આક્રોશની લાગણી જન્મી છે. વીર સપૂત મહારાણા પ્રતાપની પ્રતિભાથી ફક્ત ગાંધીનગર જિલ્લો જ નહિ પરંતુ સમગ્ર



રાષ્ટ્ર પરિચિત છે. ઉપરાંત ગુજરાતની રાજધાની ગાંધીનગરની રચનામાં ગાંધીનગર શહેરની ફરતે આવેલા તમામ ગામોની જમીન સંપાદન થયેલ છે તેમાં રાજપૂત સમાજના ખેડૂતોએ પોતાની કિંમતી જમીન હસતા મોઢે પાણીના ભાવે આપી છે. જ્યારે શહેરની ફરતે રાજપૂત સમાજની મહત્તમ વસ્તી ધરાવતા ગામડા પણ અસ્તિત્વ ધરાવે છે. પેથાપુર ચાર રસ્તા કે જ્યા ગાંધીનગર શહેરની અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ (ગુડા)ની હદ પુરી થાય છે. પેથાપુર શહેર પણ ઐતિહાસિક અને સ્ટેટ વખતનું રાજપૂતોની બહોળી વસ્તી ધરાવતુ નગર છે. રાજપૂત યુવા વિકાસ પરિષદ ગાંધીનગરની બુલંદ માંગણી છે કે પેથાપુર ચાર રસ્તા પાસે વીર સપૂત મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવામાં આવે. આજે યુવા વિકાસ પરિષદના ૨૦૦ જેટલા રાજપૂત યુવાનો પેથાપુર ચાર રસ્તા પાસે એકઠા થઈને મહારાણા પ્રતાપની છબી સાથે ધરણાં યોજીને દેખાવો કર્યા હતા. ત્યારબાદ રાજપૂત યુવાનો જિલ્લા કલેક્ટર ગુડાના મુખ્ય કારોબારી અધિકારીને આવેદનપત્ર આપીને પેથાપુર ચાર રસ્તા ઉપર વીર સપૂત મહારાણા પ્રતાપની પ્રતિમા મુકવાની બુલંદ માંગણી કરી હતી.

### આજે મુખ્યમંત્રી મુંબઈમાં વેસ્ટ ઝોનલ કાઉન્સીલની ૨૨મી બેઠકમાં ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આવતીકાલ શુક્રવાર તા. ૨૧ ઓકટોબરે મુંબઈમાં યોજાનારી ૨૨મી વેસ્ટ ઝોનલ કાઉન્સીલની બેઠકમાં ભાગ લેશે.

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહની અધ્યક્ષતામાં આવતીકાલે મુંબઈના સહ્યાદ્રી ગેસ્ટ હાઉસ ખાતે બપોરે ૩ કલાકે યોજાનારી આ બેઠકમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર તેમજ ગોવાના મુખ્યમંત્રીઓ ભાગ લેવાના છે.

કેન્દ્રશાસિત પ્રદેશો દિવ-દમણ અને દાદરાનગર હવેલીના પ્રશાસકો પણ આ વેસ્ટ ઝોનલ કાઉન્સીલની બેઠકમાં જોડાશે.

### સરહદના સંત્રીઓના કલ્યાણ માટે નિરમા યુનિવર્સિટી સમાજદાયિત્વ નિભાવે છે

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને આજે નિરમા યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ કે. કે. પટેલે દેશના સુરક્ષા જવાનોના કલ્યાણ માટે આર્મી વેલ્ફેર ફંડ માટે રૂ. ૩૦ લાખનો ચેક અર્પણ કર્યો હતો. તાજેતરમાં નિરમા યુનિવર્સિટીમાં યોજાયેલા પ્રવેગ-૨૦૧૬ અંતર્ગત 'નો યોર આર્મી' કાર્યક્રમમાં સરહદના સંત્રીઓની જવાંમર્દીના નિદર્શનોથી પ્રેરિત થતાં તેમજ માતૃભૂમિની રક્ષા માટે પ્રાણ ન્યોછાવર કરનારા વીર શહીદોના પરિવારોની સહાયતા માટે સામાજીક દાયિત્વ નિભાવતાં યુનિવર્સિટીના ચેરમેન કરસનભાી પટેલે રૂ. ૨૧ લાખનો ચેક રક્ષામંત્રી મનોહર પરિકરને અર્પણ કર્યો હતો.

મુખ્યમંત્રી-રક્ષામંત્રી સમક્ષ નિરમા યુનિવર્સિટીએ તે વેળાએ સમગ્રતયા રૂ. ૫૧ લાખ આર્મી વેલ્ફેર ફંડમાં આપવાની દર્શાવેલી તત્પરતાને પગલે આજે બીજો રૂ. ૩૦ લાખનો ચેક યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ કે. કે. પટેલે વિજયભાઈ રૂપાણીને અર્પણ કર્યો હતો.



### સેમી ફાઈનલના જંગ માટે તૈયાર

અમદાવાદમાં રમાઈ રહેલ કબડ્ડી વર્લ્ડકપમાં ભારત, થાઈલેન્ડ, કોરિયા અને ઈરાનની ટીમો સેમીફાઈનલમાં પહોંચી છે. આવતીકાલથી પ્રારંભ થતી સેમી ફાઈનલમાં ભારતની ટક્કર થાઈલેન્ડ સાથે થશે જ્યારે કોરિયા અને ઈરાન સામ સામે ટકરાશે. આજે ચારેય ટીમના કપ્તાનોએ કબડ્ડી વર્લ્ડકપ ટ્રોફી સાથે પત્રકારોને સંબોધ્યા હતા. ભારતીય ટીમના કપ્તાન અનુપકુમારે હવેની મેચો ખૂબ જ રોમાંચક રહેવાની તથા તેમની ટીમ કોઈ પણ કસોટીમાં પાર ઉતરવા તૈયાર હોવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કરતા વર્લ્ડકપ જીતવાનું સ્વપ્ન પુરૂ કરવા કટિબદ્ધતા દર્શાવી હતી. બાકીની ટીમોના કપ્તાનોએ પણ તેમના દેશમાં કબડ્ડીના વધી રહેલા વ્યાપ પ્રત્યે આનંદ વ્યક્ત કરતા ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવાની તૈયાર હોવાનું જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કબડ્ડી ભારતમાં યુવા વર્ગમાં ઝડપથી લોકપ્રિયતા હાંસલ કરી રહેલી રમત છે.

# વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતરમાં ઉપયોગી પુસ્તક 'પ્રશ્નબેંક' સંદર્ભે સાહીત્ય બનશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજયના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને JEE/ NEET/GUJCET/AIPMT/ AIIMS જેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં સહાયક થાય તેવી ગુજરાત રાજય ઈન્ડેન્ટ સિસ્ટમનું અને પ્રશ્ન બેંકની ડીવીડીનું પણ લોકાર્પણ કરવામાં આવી હતી. આ પ્રશ્ન બેંક વિદ્યાર્થીઓને રાજય સરકાર દ્વારા ખૂબ જ નજીવી કિંમતે વેચાણ કરવામાં આવશે. વિદ્યાર્થીઓ ઓન



પાઠયાપુસ્તક મંડળ દ્વારા પ્રકાશિત થયેલ પ્રશ્ન બેંક વિમોચન શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમજ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રાજય મંત્રી નાનુભાઈ વાનાણીના હસ્તે ઓનલાઈન ટેકસબુકસ લાઈન www.gsbstb.org પરથી પણ સોફટકોપી મેળવી શકશે.

આ પ્રસંગે રાજયના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાતના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે માત્ર ત્રણ માસના ટુંકા ગાળામાં વિવિધ વિષયોના પુસ્તકોનું લેખન અને નિર્માણ કરવાની પ્રક્રિયામાં સક્રિય યોગદાન આપનાર કન્વીનરોને અભિનંદન આપી જણાવ્યું હતું કે, મેડીકલ અને એન્જીનીયરીંગ ક્ષેત્રે ગુજરાતના વિદ્યાર્થીઓને NEET અને JEE ની સ્પર્ધાત્મક પરીક્ષા આપવામાં માતૃભાષામાં તૈયાર થયેલા તમામ પુસ્તકો ખુબ જ ઉપાયોગી થશે. તેમજ ટુંક સમયમાં આ તમામ પુસ્તકોની અંગ્રેજીમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવશે.




### રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર માટેનો તાલીમ કાર્યક્રમ યોજાયો

યુવા કાર્યક્રમ ખેલ મંત્રાલય, રાષ્ટ્રીય સેવા યોજના ક્ષેત્રીય કાર્યાલય તથા ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ સંસ્થા-સાદરા દ્વારા સાદરા ખાતે સુરત-ગાંધીનગર-પાટણ યુનિવર્સિટીના રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફીસર માટેનો ૩૩મો તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

ગ્રામ્ય શિબિરોનો બહોળો અનુભવ ધરાવતા ગૌ સંવર્ધન કેન્દ્ર સાદરાના પ્રાધ્યાપક રમેશભાઈ પટેલે શિબિર પૂર્વ તૈયારી, શિબિર કાર્ય આયોજન અને શિબિર સંચાલન વિષયક રસપ્રદ વાર્તાલાપ આપી પ્રોગ્રામ ઓફિસર દ્વારા સ્વયમ સેવકોના સવારે ૫ વાગ્યાના દીપસર્જનથી રાત્રે ૧૦ વાગ્યાના દીપ વિસર્જન સુધીના દૈનિક ૧૭ કલાક એવા ૭ દિવસના ૧૧૯ કલાકનો ઉપયોગ ગ્રામસેવા, ગ્રામ વિકાસ અને લોકચેતના જાગૃતિ માટે વિવિધ પ્રવૃત્તિઓ કેવી રીતે હાથ ધરી શકાય? તે અંગેના માર્ગદર્શન સાથે પ્રોગ્રામ ઓફિસરોને મંત્રમુગ્ધ કર્યા હતા.

### પહેલા સુવિધા આપો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે આ અંગે કમિશ્નર, ડે. મ્યુનિ. કમિશ્નરને વારંવાર રજુઆતો કરી છે. સુવિધાઓ મળતી નથી અને જો તમે જાહેર કરશો તો અમારે ના છુટકે આંદોલનનો માર્ગ લેવો પડશે.

આ વખતે ચર્ચામાં દરમ્યાનગીરી કરતાં સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યુ હતુ કે ૧૧ મોબાઈલ ટોયલેટ નવા ખરીદવાનો ઓર્ડર ગઈકાલે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં જ લેવાયો છે. સુવિધાઓ નહિ આપાવની કોઈ વાત છે જ નહિ.

આ તબક્કે ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ દરમ્યાનગીરી કરતાં જણાવ્યું હતુ કે સુવિધા અપાયા પછી લોકો તેનો ઉપયોગ નથી કરતા તે માટે જાગૃતિ અભિયાન ચલાવવુ જોઈએ. લોકોને સુવિધાઓનો ઉપયોગ કરવા જણાવો.

મ્યુનિ. કમિશ્નરે પણ ચર્ચાનો જવાબ આપતાં જણાવ્યું હતું કે ઓ.ડી.એફ. આજે જાહેર કરીશુ એટલે આપણી કામગીરી પૂરી થાય છે તેવુ નથી. આ માટે દર ચાર મહિને સમીક્ષા થવાની છે તપાસ થશે અને તે પણ રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર દ્વારા થવાની છે. આપણે સૌ હકારાત્મકતા સાથે આગળ વધીએ તે જરૂરી છે. તેમણે જણાવ્યુ હતુ કે વધુ ૧૪ જાહેર શૌચાલયો આપણે બનાવી રહ્યા છીએ.

જરૂર પડ્યે વ્યક્તીગત શૌચાલય પણ બનાવીશુ જગ્યાની ઉપલબ્ધિ તેના માટે જરૂરી છે. તેમણે વધુ એક વખત સર્વે કરવાની પણ ખાત્રી આપી જણાવ્યુ હતુ કે પુનઃ સર્વે માટે હૂકમ કરી દેવામાં આવ્યો છે. આ પછી પણ સહાય સાથે શૌચાલયો બનાવાશે.

જો કે આ ખુલાસાની અસર કોંગ્રેસ પર થઈ ન હતી. કોંગીના જ ચમનભાઈ વિંઝુડાએ જણાવ્યુ હતુ ક પહેલાં સર્વે થયો તો કેટલા લોકો પાસે શૌચાલયો ન હતા તેની વિગતો આપો. તમે કેટલા સમયમાં કેટલા બનાવ્યા તેની વિગતો આપો. તેમાં થયેલ ખર્ચની વિગતો આપો. તેમ કહી પૂરક પ્રશ્નોની ઝડીઓ વરસાવી હતી.

મેયર પ્રવિણ પટેલે કહ્યુ હતુ કે સર્વેના તારણો તમને મળી જશે તેથી ઉશ્કેરાયેલા વિંઝુડાએ જણાવ્યુ હતુ કે સામાન્ય સભામાં જાહેર કરો ને ? તેઓ તેમની માંગણી પર કાયમ રહેતા અધિકારીઓએ દોડાદોડ કરી મુકી હતી.

કોંગીના જ મીનાબેન વાઘેલાએ એવી રજુઆત કરી હતી કે સે. ૧૩ની મહાત્મા મંદિરની પાછળની ઝુપડપટ્ટી માટે મોબાઈલ ટોયલેટની માંગ કરી હતી. તંત્રે તે ફાળવ્યુ નથી અને હવે એવુ કહેવામાં આવે છે કે શૌચક્રિયા માટે ઘ-૫ સે. ૧૬માં તમારે જવાનુ રહેશે ? સાહેબ કયા પ્રકારની સુવિધાઓ આપવા માંગો છો ? સમજત તો પાડો, ખોડી વાતો કરી પ્રજાને દંડવાની વૃત્તિ છોડો અને સાચા અર્થમાં સુવિધા આપો.

નાયબ મ્યુનિ. કમિશ્નર બારૈયાએ સ્પષ્ટતાઓ કરતાં જણાવ્યું હતુ કે દર ચાર મહિને થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શન થવાનુ જ છે. બીજુ આ બે વોર્ડમાં વ્યક્તીગત શૌચાલયો પાંચ હજાર જેટલા બનાવવામાં આવ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે રિસર્વેની કામગીરી હાથ પર લેવામાં આવી છે. પાલજ, ગોકુલપુરામાં પણ જરૂર પડ્યે વધુ જાહેર શૌચાલયો બનાવવા માટે તંત્રનું મન ખુલ્લુ છે.

ભાજપના કાર્તિક પટેલે પણ ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યુ હતુ કે સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે ત્યારે તે લોકપયોગી અને લોકો તેનો ઉપયોગ કરી હેતુને સફળ બનાવે તે પણ જરૂરી છે. તેમણે જણાવ્યું હતું કે ઉપલબ્ધ સુવિધાઓનો ઉપયોગ લોકો કરતા થાય તેના પર ભાર મુકવો પણ જરૂરી છે. આપણે સૌએ આ માટે લોકોને જાગૃત કરવા પડશે.

જો કે કોંગ્રેસ પક્ષે તેની માંગ ચાલુ રાખી હતી તે જોતાં મેયરે પ્રસ્તાવ મુલ્તવી રાખવાની માંગ સ્વીકાર કરી બેઠક પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

### આદર્શ પ્રશ્નપત્રો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘડતર માટે તૈયાર કરાયેલા આ પુસ્તકોમાં સ્પર્ધાત્મક પરીક્ષાના તમામ મુદ્દાઓ અને વિષય વસ્તુનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે વિદ્યાર્થીઓ ખુબજ ઝડપથી પુનરાવર્તન કરી શકે તે રીતે દરેક મુદ્દાના એમ સી ક્યુ સાથે તેના જવાબો આપવામાં આવ્યા છે. જયારે દરેક પ્રકરણના અંતે જુદી જુદી શૈલીથી પુછાતા પ્રશ્નો તથા પ્યોગિક કોશલ્યોના પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેઈઈ નીટ સહીતની કસોટીના આદર્શ પ્રશ્નપત્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શિક્ષણ બોર્ડના અભ્યાસક્રમ મુજબ પ્રકરણોની સરખામણી કરી પુસ્તકોને ઓપ આપવામાં આવ્યો છે. રસાયણવિજ્ઞાન વિષયમાં જેઈઈ કુલ ૯ પ્રશ્ન પત્રો ઉકેલ સહીત તૈયાર કરવામાં આવ્યા છે. આ માટે ૧૫ જેટલા તજજ્ઞોની મદદ લેવામાં આવી છે. જયારે ભૌતિક વિજ્ઞાનમાં ૮ પ્રશ્નપત્રો અને તેના ઉકેલો સહીત પ્રશ્ન બેંક તૈયાર કરવામાં ૧૬ વિષય તજજ્ઞોની મદદ લેવાઈ છે. જીવવિજ્ઞાનમાં પણ તે જ રીતે એ આઈ પી એમ ટી તેમજ આઈ એમ એસ ની કસોટી સહીત ગુજસેટને ધ્યાને લઈ નમુના પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવ્યા છે. ગણિત વિષયના પુસ્તકમાં જેઈઈ અને આઈ આઈ ટી જેવી નેશનલ કક્ષાના લેવલે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી તમામ મુદ્દાઓ અને વિષય વસ્તુઓનો સમાવેશ કરાયો છે. અત્યારસુધીની પરીક્ષાના પ્રશ્નોનો ઉત્તર સહીત સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રશ્નોના ઉકેલ માટે વૈકલ્પિક રીત પણ દર્શાવામાં આવી છે. એકમની શરૂઆતમાં સૈધ્ધાંતિક પુનરાવર્તન આપવા સાથે કેટલાક વિશિષ્ટ પ્રશ્નોના ઉકેલ માટે પણ પુસ્તકમાં માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે આ પુસ્તકો કામમાં લાગશે ગણિતના બે ભાગના પુસ્તકોમાં ૨૫૦૦ જેટલા પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાઠય પુસ્તક મંડળ દ્વારા ત્રણ મહીનાના ટુંકાગાળામાં આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યુ છે. દરવર્ષે મંડળ દ્વારા ૧૨૦૦ જેટલા પુસ્તકો તૈયાર કરવામાં આવે છે.

### સામસામે પ્રહારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સાથે હાથ મિલાવ્યા હતા. ૯૦ મિનિટ સુધી ચાલેલી ત્રીજી અને અંતિમ ડિબેટ લાસ વેગાસના યુનિવર્સિટી ઓફ નેવાડા સેન્ટરમાં થઈ હતી. ફોક્સ ન્યુઝના એન્કર ક્રિસ વોલેસે મોડરેટની ભૂમિકા અદા કરી હતી. ટ્રમ્પ અને હિલેરી વચ્ચે અગાઉ બે ડિબેટ થઈ ચુકી છે. આ બન્ને ડિબેટને લઈને લોકોના જુદા જુદા અભિપ્રાય આવી ચુક્યા છે. અગાઉની બન્ને ડિબેટની તુલનામાં આ વખતે બન્ને વધારે ગંભીર દેખાયા હતા. ખુબ ઓછી વખત હસતા નજરે પડ્યા હતા. આશરે એક કરોડ લોકોએ આ ડિબેટ નિહાળી હતી. હવે ૨૦ દિવસ બાદ એટલે કે આઠમી નવેમ્બરના દિવસે અમેરિકામાં લોકો મતદાન કરનાર છે. હિલેરીએ આરોપ કરતા કહ્યુહતુ કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકી સૈન્ય અને ઈન્ટેલિજન્સ નિષ્ણાંતોથી ઉપર ઉઠીને રસિયાના સર્વોચ્ચ નેતા પુટિનને મહત્વ આપી રહ્યા છે.

### ભાજપમાં જોડાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખૂબ જ પ્રશંસનીય કામગીરી અદા કરી છે. સમગ્ર દેશની જેમ જ તેઓ પણ ખૂબ જ ખુશ છે. કેટલાક પક્ષોની પાછળ ચાલીને કોંગ્રેસ પાર્ટીએ આના ઉપર પ્રશ્નો ઉઠાવ્યા હતા. પ્રમાણપત્રો માંગવામાં આવ્યા હતા. ખૂનની દલાલીની વાત કરવામાં આવી હતી. આ વાત સાંભળીને ખૂબ દુઃખ થયું હતું. બીજાને આના કારણે બોલવાની તક મળી ગઈ હતી. ભારતની રાષ્ટ્રીય પાર્ટી જ સર્જિકલ હુલમાને લઈને સાથે નથી. ટ્વીટર ઉપર પણ આને લઈને દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રહિતમાં મતભેદો યોગ્ય બાબત નથી. બહુગુણાએ કહ્યું હતું કે પ્રદેશના સ્તર પર સમાજવાદી અને બહુજન સમાજ પાર્ટીએ ભારે લૂંટ મચાવેલી છે. દરેક બાજુ ગરીબી છે. આરોગ્યને લઈને હાલત કફોડી બનેલી છે. શરાબ માફિયા અને ખાણ માફિયા સક્રિય થયેલા છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ભાંગી પડી છે. જાતિવાદનું ઝેર ઉત્તરપ્રદેશમાં ફેલાઈ રહ્યું છે.